# જીભ પર સમાનતાની વાતો, મગજમાં પુરુષસત્તાનો પાવર: Gen Zની બેવડી માનસિકતા

આજકાલ નવી પેઢી જેને આપણે જનરેશન ઝેડ અથવા Gen Z કહીએ છીએ તે બહુ ચર્ચામાં છે, ખાસ કરીને તેની આધુનિકતા, પ્રગતિશીલ, માનસિકતા, ઉદાર અભિગમ અને સમાનતાના આગ્રહને લઈને. આગલી પેઢી, જે પરંપરાવાદી છે, તેની ફરિયાદ છે કે જેન ઝી છકી ગયેલી છે પરંતુ લંડનની પ્રખ્યાત કિંગ્સ કોલેજના એક તાજા વૈશ્વિક અભ્યાસે સૌને ચોંકાવી દીધા છે.

29 દેશોના અંદાજે 23,000 લોકો પર આધારિત આ અભ્યાસ માત્ર આંકડાઓનો સંગ્રહ નથી પરંતુ બદલાતી



સામાજિક માનસિકતાઓનો એક અરીસો છે, જ્યાં આધુનિકતા અને પરંપરા એકબીજાનાં માથાં ભાંગે છે અને હાથ પકડવાની કોશિશ પણ કરે છે.

આ અભ્યાસની સૌથી ચોંકાવનારું તારણ એ છે કે Gen Zના છોકરાઓમાં સ્ત્રી-પુરુષની પરંપરાગત ભૂમિકાઓ પ્રત્યેનો ઝુકાવ અપેક્ષા કરતાં વધુ મજબૂત છે. અર્થાત, તેઓ સ્ત્રી-પુરુષની સમાન ભૂમિકા સ્વીકારતા નથી. આ અભ્યાસ અનુસાર, લગભગ 31% યુવા પુરુષો માને છે કે પત્નીએ હંમેશાં પતિની વાત માનવી જોઈએ અને 33%નું માનવું છે કે પરિવારના મહત્ત્વના નિર્ણયોમાં અંતિમ નિર્ણય પતિનો જ હોવો જોઈએ. આ આંકડા માત્ર સામાજિક મતો નથી પરંતુ એ માનસિકતા તરફ ઈશારો કરે છે કે Gen Z તેના આધુનિક શિક્ષણ અને ડિજિટલ યુગ છતાં હજી સુધી જૂનાં મૂલ્યોમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકી નથી.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

રસપ્રદ વાત એ છે કે આ જ Gen Zના પુરુષો એક તરફ મહિલાઓની સ્વતંત્રતા પર મર્યાદા મૂકે એવા વિચારો ધરાવે છે અને બીજી તરફ વ્યાવસાયિક સ્ત્રીઓને પસંદ પણ કરે છે. જેમ કે 24% Gen Z પુરુષો માને છે કે મહિલાઓ 'વધારે સ્વતંત્ર' દેખાવું નહીં જોઈએ પણ બીજી તરફ 41% એવું પણ માને છે કે સફળ કારકિર્દી ધરાવતી મહિલાઓ વધુ આકર્ષક હોય છે. આ વિરોધાભાસ Gen Zની વિચારસરણીમાં ચાલતા આંતરિક સંઘર્ષને સ્પષ્ટ કરે છે કે એક તરફ આધુનિકતાનું આકર્ષણ તો બીજી તરફ પરંપરાગત અપેક્ષાઓનો દબાવ.

અભ્યાસનું બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે, Gen Zનાં સ્ત્રી-પુરુષો વચ્ચે વધતું વિચારોનું અંતર. અભ્યાસ દર્શાવે છે કે અન્ય કોઈ પણ પેઢીની સરખામણીએ Gen Zમાં લિંગસમાનતા, નારીવાદ અને સામાજિક ભૂમિકાઓ અંગે સૌથી વધુ મતભેદ છે. આ પેઢીની મહિલાઓ વધુ સમાનતાવાદી દૃષ્ટિકોણ ધરાવે છે, ત્યાં પુરુષોમાંનો મોટો વર્ગ એવું અનુભવે છે કે 'તેમની પાસેથી સમાનતા માટે વધારે અપેક્ષા રાખવામાં આવી રહી છે'- આવું માનનારા લોકોનો આંકડો 59% સુધી પહોંચે છે.

અહીંથી એક ઊંડી સામાજિક વાસ્તવિકતા સામે આવે છે. Gen Z કેવળ 'પ્રગતિશીલ પેઢી' નથી પરંતુ એવી પેઢી છે જે તેની ઓળખ, ભૂમિકાઓ અને અપેક્ષાઓના સંકટમાંથી પસાર થઈ રહી છે. ડિજિટલ દુનિયા, સોશિયલ મીડિયા અને વૈશ્વિક સંવાદે જ્યાં તેમને નવી વિચારધારાઓ આપી છે, ત્યાં એલ્ગોરિથમિક ઈકો-ચેમ્બર અને સાંસ્કૃતિક પ્રતિક્રિયાવાદે તેમને પરંપરાગત વિચાર તરફ પણ ધકેલ્યાં છે. અભ્યાસ એ પણ દર્શાવે છે કે Gen Zના પુરુષો પોતાના વર્તન અંગે પણ પરંપરાગત માપદંડોમાં બંધાયેલા છે. ઉદાહરણ તરીકે, 43% માને છે કે પુરુષોએ 'શારીરિક રીતે મજબૂત' દેખાવું જોઈએ, અને 21% માને છે કે બાળકોની સંભાળમાં સક્રિય ભાગ લેવાથી પુરુષત્વ ઓછું થાય છે. આ માત્ર મહિલાઓ પ્રત્યેના દૃષ્ટિકોણનો મુદ્દો નથી પરંતુ 'પુરુષત્વ'ની વ્યાખ્યા જ સંકટમાં છે તેની પણ નિશાની છે.

તો પ્રશ્ન ઊભો થાય છે, આવું કેમ થઈ રહ્યું છે?

વિશેષજ્ઞો મુજબ, તેનું એક મોટું કારણ ડિજિટલ પ્રભાવ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ચાલતા ટ્રેન્ડ્સ, ઈન્ફ્લુએન્સર્સ અને કન્ટેન્ટ ઈકોસિસ્ટમ ઘણી વાર સામા છેડાના વિચારો રજૂ કરે છે. કેટલુંક કન્ટેન્ટ સમાનતા અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે, જ્યારે કેટલુક 'પરંપરાગત મર્દાનગી'ને ફરીથી સ્થાપિત કરવાની વાત કરે છે.

અહીં એક મહત્ત્વની બાબત છે એલ્ગોરિથમિક ઈકો-ચેમ્બર. એનો અર્થ શું? સોશિયલ મીડિયા તમારા રસ પ્રમાણે તમને કન્ટેન્ટ બતાવે છે. જો તમે એક પ્રકારનો વીડિયો જુઓ, તો તમને એ જ પ્રકારના વધુ વીડિયો દેખાડવામાં આવે છે. ધીમે ધીમે તમે એક જ પ્રકારના વિચારોમાં બંધાઈ જાઓ છો. ઉદાહરણ તરીકે કોઈ યુવાન 'ટ્રેડિશનલ મર્દાનગી' વિશેના વીડિયો જોવાનું શરૂ કરે, તો તેને સતત એ જ વિચાર મજબૂત કરતા કન્ટેન્ટ મળતા રહેશે. આથી શું થાય? એક બાજુ તેને સમાનતા અને આધુનિક વિચારો મળે છે, બીજી બાજુ તેને પરંપરાગત અને ક્યારેક કડક વિચારધારા પણ મળે છે.

આ ઉપરાંત, આર્થિક અને સામાજિક અસુરક્ષા પણ આ માનસિકતાને અસર કરે છે. આજના યુવાનો ચાહે તેઓ ભારતમાં હોય કે પશ્ચિમમાં નોકરી, ઓળખ અને ભવિષ્ય અંગે અનિશ્ચિતતા અનુભવે છે. આવા સમયમાં પરંપરાગત

> **Gen Zના પુરુષો એક તરફ મહિલાઓની સ્વતંત્રતા પર મર્યાદા મૂકે એવા વિચારો ધરાવે છે અને બીજી તરફ વ્યાવસાયિક સ્ત્રીઓને પસંદ પણ કરે છે. જેમ કે 24% Gen Z પુરુષો માને છે કે મહિલાઓએ 'વધારે સ્વતંત્ર' દેખાવું નહીં જોઈએ પણ બીજી તરફ 41% એવું પણ માને છે કે સફળ કારકિર્દી ધરાવતી મહિલાઓ વધુ આકર્ષક હોય છે**

ભૂમિકાઓ તેમને એક 'સુરક્ષિત માળખું' આપે છે, જ્યાં જવાબદારીઓ સ્પષ્ટ હોય છે.

આ અભ્યાસનો એક મહત્ત્વપૂર્ણ સંકેત એ છે કે લિંગસમાનતાની લડાઈ હજુ પૂર્ણ થઈ નથી તે એક નવા વળાંક પર છે. જો સૌથી યુવા પેઢીમાં જ આટલો વિચારભેદ જોવા મળતો હોય, તો તે સૂચવે છે કે શિક્ષણ અને સંવાદના નવા માર્ગોની જરૂર છે. માત્ર નીતિઓ અથવા કાયદા પૂરતા નથી, સામાજિક માનસિકતાને સમજવી પડશે.

બીજું, આ અભ્યાસ નીતિનિર્માતાઓ અને શિક્ષણવિદો માટે ચેતવણી છે. શાળાઓ અને યુનિવર્સિટીઓમાં જેન્ડર સેન્સિટાઈઝેશનને માત્ર ઔપચારિક વિષય તરીકે નહીં પરંતુ જીવનકૌશલ્ય તરીકે શીખવવું પડશે. ભાવનાત્મક શિક્ષણ, સહાનુભૂતિ અને સંવાદક્ષમતાને મજબૂત બનાવવી હવે વધારે જરૂરી બની ગઈ છે.

ત્રીજું, આ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સની ભૂમિકા પણ સ્પષ્ટ કરે છે. જો એલ્ગોરિધમ્સ માત્ર સેન્સેશનલ અથવા ધ્રુવીકૃત કન્ટેન્ટને પ્રોત્સાહન આપશે, તો સમાજમાં વિભાજન વધુ ઊંડું થશે. જવાબદાર ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવવી હવે માત્ર ટેક કંપનીઓનું જ નહીં, પરંતુ સમગ્ર સમાજનું સંયુક્ત દાયીત્વ છે.

આ અભ્યાસનો સૌથી મોટો બોધપાઠ એ છે કે સમાજ સીધી રેખામાં આગળ વધતો નથી. આપણે ઘણી વાર માનીએ છીએ કે સમય સાથે બધું આપોઆપ સારું થઈ જશે પરંતુ હકીકત વધુ જટિલ છે. Gen Z એક એવી પેઢી છે જે એકસાથે પ્રગતિશીલ પણ છે અને પરંપરાગત પણ અને આ જ તેની સૌથી મોટી શક્તિ અને પડકાર છે.

જો સમાજ આ જટિલતાને સમજીને સંવાદ અને સંતુલનનો માર્ગ અપનાવે, તો Gen Z પરિવર્તનની વાહક બની શકે છે પરંતુ જો આ વિભાજનને અવગણવામાં આવશે તો આ જ પેઢી નવા સામાજિક સંઘર્ષો પેદા કરશે. આધુનિકતા પોતે જ સમાનતા લાવતી નથી તેને સમજ, સંવાદ અને સતત પ્રયત્નોથી જ હાંસલ કરવી પડે છે.

# યુદ્ધવિરામ-સંવાદ




અજ્ઞાત સ્થળે ઉચ્ચ અધિકારીઓની એક મીટિંગ ભરાઈ છે. વિષય છે અમેરિકા-ઈરાન વચ્ચે કામચલાઉ ધોરણે સ્થપાઈને પછી નાબૂદ થઈ ગયેલો યુદ્ધવિરામ અને ભારતની ભૂમિકા સ્થાપિત કરવી. મીટિંગ કાલ્પનિક છે પણ અત્યારે કલ્પના અને વાસ્તવ વચ્ચેની રેખા એટલી ધૂરંધરી, એટલે કે ધૂંધળી, થઈ ચૂકી છે કે સીધા મીટિંગ પર આવી જઈએ.

(મુખ્ય અધિકારી દાખલ થાય છે)

બધા અધિકારીઓ: ગુડ મોર્નિંગ, સર.

મુખ્ય અધિકારી: (કટાણું મોં કરીને) તમને લોકોને કંઈ ભાન-બાન છે કે નહીં? યુદ્ધવિરામ માટે અમેરિકા અને ઈરાન પાકિસ્તાનનાં વખાણ થઈ ગયાં અને તમને ગુડ મોર્નિંગ સૂઝે છે? ભલે મંત્રણાઓ નિષ્ફળ ગઈ પણ એક વાર તો ખરાબ દેખાયુંને મને તો થાય છે કે...

ખૂણામાંથી અવાજ: ...બને એટલી ઝડપથી 'ધુરંધર'નો ત્રીજો ભાગ બનાવવાનું કહી દઉં.

મુ.અ. (ચમકીને): કોણ છે એ?

(બીજા અધિકારીઓ એવું મોં રાખે છે, જાણે તેમણે કશું સાંભળ્યું જ નથી.)

અધિકારી 1: મને એક બ્રિલિયન્ટ આઈડિયા આવ્યો છે. ઈસ્લામાબાદનું નામ બદલીને આપણે રામપુર કરી દઈએ તો? પછી કહેવાનું કે મંત્રણાઓ રામપુરમાં થઈ હતી.

અધિકારી 2: એ શક્ય ન હોય તો શાહબાઝખાનનું નામ બદલીને સંજયભાઈ કરી શકાય.

અધિકારી 3: આપણે જરા વિશાળ દૃષ્ટિ રાખીએ અને સોશિયલ મિડિયા પર પેલો કેસરી નકશો ફરે છે ને, એ મૂકીને જાહેર કરી દઈએ કે 'પાકિસ્તાન છે તો યુદ્ધવિરામ છે' એવું કહેનારા સમજી લે-ભારત છે તો પાકિસ્તાન છે. ભારત જ ન હોત, તો પાકિસ્તાન ક્યાંથી આવત?

અધિકારી 4: સર, હું તો કહું છું કે આપણે 'ઓપરેશન સિંદુર' ફરી ચાલુ કરી દેવું જોઈએ.

મુ.અ. : તમે લોકો સરકારી નીતિઓને ગંભીરતાથી આત્મસાત્ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. તે તમારા વર્તમાન અને ભવિષ્ય માટે બહુ સારું છે.

અજાણ્યો અવાજ: ...દેશના ભવિષ્યની તો ખબર નથી.

મુ.અ. (અવાજ તરફ જોતાં, ચીડાઈને): આ કોણ ઘૂસી આવ્યું છે રૂમમાં? તપાસ કરો ને બહાર કાઢો?

અધિકારી 5 (રૂમમાં લટકતી ગાંધીજીની તસવીર તરફ જોતાં): ફોટો તો ના બોલે ને, સાહેબ? બોલે?

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

મુ.અ. (સાંભળ્યું-ન સાંભળ્યું કરીને) આપણે જે કરવાનું છે તે શાના માટે કરવાનું છે, એ તમે બધા બરાબર સમજ્યા છો, એ સારું છે.

અજાણ્યો અવાજ: મતલબ, આટલાં વર્ષોમાં સાહેબે તેમના પ્રચાર પાછળ વાપરેલા છ હજાર કરોડ રૂપિયા એળે નથી ગયા.

મુ.અ. : ...પણ એટલું પૂરતું નથી. આપણે એવું કંઈક કરવાનું છે કે જેથી યુદ્ધવિરામ માટે પાકિસ્તાનને બદલે આપણી વાહવાહી થાય.

અધિકારી 4: રશિયા-યુક્રેન વખતે પેલી જાહેરાત બહુ ચાલી હતી-'વોર રુકવા દી પોપો' વાળી. એવું હોય તો આપણે એડવાળી છોકરી બદલી નાખીએ, પણ એ લાઈન બદલવા જેવી નથી.

અધિકારી 1: સાહેબ, આ વખતે એક એડથી નહીં ચાલે. હવે પ્રજાને સાડા ત્રણ કલાકના 'ધુરંધર'ની ટેવ પડી ગઈ છે. (મુખ્ય અધિકારી તરફ જોઈને) સોરી સાહેબ, પણ મને એમ કે આજની મીટિંગમાં 'ધુરંધર'ના ડાયરેક્ટર હાજર હશે...એ હોત તો બહુ કામમાં લાગત.

અધિકારી 2: આમ પણ, હવે એ ક્યાં પારકા છે? આપણા જ કહેવાય ને...

અધિકારી 3: બિલકુલ. જે કામ આખેઆખી સરકાર ન કરી શકે, એ તેમણે એકલે હાથે કરી બતાવ્યું.

મુ.અ. (જરા કડકાઈથી, ખોંખારો ખાઈને) : આપણે મૂળ મુદ્દા પર આવીએ. યુદ્ધવિરામમાં આપણી ભૂમિકા...

અધિકારી 4: આપણે એવું કહી શકીએ કે સાહેબે પુતિનને ફોન કર્યો અને કહ્યું કે ટ્રમ્પને ફોન કરીને કહી દો કે તે (ટ્રમ્પ) પાકિસ્તાનને ફોન કરીને કહી દે કે તે (પાકિસ્તાન) યુદ્ધવિરામ માટેની દરખાસ્ત મોકલે.

અધિકારી 5: અથવા એવું પણ વિચારી શકાય કે સાહેબે ઈરાનને ફોન કર્યો અને કહ્યું કે તે (ઈરાન) ટ્રમ્પને ફોન કરે અને કહી દે કે તે (ટ્રમ્પ) પાકિસ્તાનને ફોન કરે અને યુદ્ધવિરામની દરખાસ્ત મોકલાવે.

મુ.અ. : તમે લોકો પહેલાં એકતા કપૂરને ત્યાં કામ કરતા હતા?

અધિકારી 4-5 (સહેજ શરમાઈને) : ના સર, પણ તક મળે તો 'ધુરંધર'વાળા ભાઈ સાથે કામ કરવાની ઈચ્છા ખરી.

મુ.અ. : મારાથી એવું તો ન કહેવાય કે આવી બધી પરીકથાઓ ન ચાલે કારણ કે 'ધુરંધર'ની સ્ટોરીને સાચો ઈતિહાસ માનનારા લોકો પણ છે. છતાં, આપણાથી સાવ એવું ન થાય. આંતરરાષ્ટ્રીય સંબંધોનું પણ જોવાનું કે નહીં?

અધિકારી 3: એનો બહુ સિમ્પલ રસ્તો છે. યુદ્ધવિરામમાં આપણી ભૂમિકા વિશેનું નિવેદન હિન્દીમાં જ કરવાનું. એટલે બીજા કોઈ નેતાને વાંચતાં જ ન આવડે અને પાકિસ્તાન વાંચી લે તો શો ફરક પડે છે?

> **અધિકારી 4: રશિયા-યુક્રેન વખતે પેલી જાહેરાત બહુ ચાલી હતી-'વોર રુકવા દી પોપો' વાળી. એવું હોય તો આપણે એડવાળી છોકરી બદલી નાખીએ પણ એ લાઇન બદલવા જેવી નથી**

અધિકારી 2: એનાથી પણ વધારે સારો એક આઈડિયા છે સર. આપણે એક નિવેદન તૈયાર કરીને આપી દેવાનું, જેમાં લખ્યું હોય: "આ યુદ્ધવિરામ ભારતના અથાગ પ્રયાસો અને ભારતના વિશ્વગુરુપદના પ્રતાપે શક્ય બન્યો છે. જે આ વાતને ન માને, તેને મારી ખોડિયાર મા પૂછે."

મુ.અ. : એવું તો ન લખાય...આઈ મીન, હજુ સુધી તો નથી લખ્યું પણ તમારી વાતનો આગળનો ભાગ મજબૂત છે. એ ભાગ સાહેબના નામે નહીં, આઈટી સેલ પરથી જ વહેતો થઈ જાય. પછી તેની પર સામસામે જે ચાલવું હોય તે ચાલે. આપણે શી લેવાદેવા?

ખૂણામાંનો અવાજ: અત્યાર સુધી ભલભલી પરિસ્થિતિમાં એવી રીતે જ હંકાર્યું છે, તો આ વખતે પણ...

(મુખ્ય અધિકારી મીટિંગ પૂરી થયેલી જાહેર કરીને, ગાંધીજીની તસવીર તરફ જોતાં જોતાં ઉતાવળે રૂમની બહાર નીકળી જાય છે.)

## ઈશિતાનું અલકમલક

### આને કહેવાય 'ધુરંધર' ડફોળગીરી...

'માણસ માત્ર ભૂલને પાત્ર' એવી આપણી એક જાણીતી ઉક્તિ છે. કોઈ એક વાર અજાણતા ભૂલ કરે તો બધા એને જતી કરે પણ એ જ ભૂલ જો બીજી વાર કરે તો એને બેદરકારી કહેવાય અને 'આવી બેદરકારી ફરી વાર ન કરે' એવી એને ચીમકી પણ આપવામાં આવે. આમ છતાં એ જ માણસ જૂની ભૂલ ત્રીજી વાર કરે તો આવા મૂર્ખ માટે બેવકૂફ- બબૂચક - લલ્લુ - નંગ- ઢોંડો- સ્ટુપિડ- ઠોઠ- ગધ્ધો -ઘનચક્કર જેવા અનેક શબ્દો છે પણ એ બધામાંથી 'ઈશિતા'નો સૌથી માનીતો શબ્દ છે 'ડ-ફો-ળ'! આમ તો સામાન્ય રીતે મોટાભાગના અપરાધી ચાલાક અને બુદ્ધિશાળી હોય છે. અપરાધ કરતાં પહેલાં બરાબરનું પ્લાનિંગ કરે. આમ છતાં, એમાંય એવા નંગ નીકળી આવે, જે છેલ્લી મિનિટે એવો ભાંગરો વાટે એમાં ઝડપાય જાય. આવી ડફોળગીરી કરનારાના કિસ્સા 'ઈશિતા'ના મોસ્ટ ફેવરિટ, જેમ કે ગયા વર્ષે મે મહિનામાં નકલી નોટોનો 'ધંધો' કરતી



એક ટોળકી પોલીસે ઝડપી લીધી હતી. આ ટોળકીના એજન્ટસ નકલી કરન્સી -નોટો બનાવીને કોલકાતા- રાજસ્થાન -ગુજરાત - તેલંગાણા-મહારાષ્ટ્રમાં માર્કેટમાં વહેતી કરીને ધીકતો ધંધો કરતા હતા. દેશમાં આર્થિક ક્ષેત્રે ડિજિટલ ટેક્નોલોજીનો વ્યાપ વધતાં નકલી નોટોના અપરાધીઓની હિંમત પણ ખૂલવા માંડી. ફર્ઝી નોટ બનાવનારી આવી તેલંગણાની ગેંગના બે-ત્રણ મેમ્બર મુંબઈમાં ઝડપાઈ ગયા કારણ કે એમણે તો 'ઈન્સ્ટાગ્રામ' પર વીડિયો ક્લિપ મૂકીને ખુલ્લેઆમ જનતા જનાર્દનને ઓફર કરી હતી કે '૧ લાખ અસલી આપો ને પાંચ લાખ નકલી કડકડતી કરન્સી લઈ જાવ!' - અને એમની આવી બિન્ધાસ્ત જાહેરાત પોલીસની નજરે ન ચઢે તો નવાઈ. ગણત્રીના કલાકોમાં પેલા 'ઈન્સ્ટા'અપરાધી ગેન્ગનાં પગેરું શોધી કાઢીને એમના પર ત્રાટકીને ૧૦ લાખની નકલી નોટો અને ૧૫ લાખ અસલી રોકડા ઝબ્બે કર્યા! 'ઈશિતા'એ તમને હમણાં કહ્યું તેમ એકની એક બેવકૂફી ત્રીજી વાર કરે એને ' ડફોળ' કહેવાય પણ થઈ ગયેલી ડફોળગીરીનું પણ જો કોઈ પુનરાવર્તન કરે તો એને 'સુપર ડફોળગીરી' જ કહેવી પડે. આવી એક ઘટના હમણાં ગયા અઠવાડિયે આમચી મુંબઈમાં બની. આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાનો પ્રભાવ જબરો છે એને ધ્યાનમાં રાખીને એક ફર્જી કરન્સીનો ધંધો કરતી એક ટોળકીએ 'ઈન્સ્ટાગ્રામ' પર એવી ઓફર કરી કે 'અમે તમને એકદમ અસલ દેખાતી નકલી કરન્સી સસ્તા ભાવે પહોંચાડીશું, જેને માર્કેટમાં વહેતી કરીને તમે એકના ડબલ નહીં - દસ ગણા કમાઈ શકો!' પોતાની આ ઓફર દ્વારા વધુ ગ્રાહકોને આકર્ષવા આ વખતે નકલી નોટોના ગુનેગારોએ અત્યારની સુપરહીટ ફિલ્મ 'ધુરંધર'નો આબાદ ઉપયોગ પણ એમની 'ઈન્સ્ટા' પોસ્ટમાં કર્યો. એ ફિલ્મમાં દર્શાવવામાં આવેલાં નકલી કરન્સી છપાતી હોય એનાં કેટલાંક દૃશ્યોને AI ટેક્નિક દ્વારા પોતાની 'ઈન્સ્ટા' વીડિયો -રીલ્સમાં ઉમેરી દીધાં. એટલું જ નહીં, એને વધુ અસરકારક બનાવવા ફિલ્મ 'ધુરંધર'ની હીટ બેક ગ્રાઉન્ડ ટ્યુન્સ પણ અહીં ગોઠવી દીધી! સહેજે છે કે આવી સચોટ વીડિયો રીલ્સથી નકલી નોટના છટકામાં અનેક લોકો ફસાતા. '૧ સાચી નોટની સામે ૧૦ નકલી નોટ' આપવાની લોભાવનારી ઓફરમાં રસ દેખાડનાર પાર્ટીને પેલી ગેંગ સાચી નોટો લઈને કોઈ નિર્જન સ્થળે બોલાવતી. નકલી નોટ લેવા પાર્ટી આવે એટલે એમની અસલી કરન્સી ગેંગવાળા ધમકાવીને લૂંટી લેતા. લૂંટાયેલી પાર્ટી પોલીસ ફરિયાદ પણ ન કરી શકતી કારણ કે એમની અસલી-નકલીની આ લેવલ -દેવડ પોલીસ પાસે છતી થઈ જાય. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયેલી 'ધુરંધર'ની નકલી કરન્સીવાળી વીડિયો નજરે ચઢતાં જ ચબરાક મુંબઈ પોલીસે પેલી ગેંગનાં પગેરું મેળવીને ગેંગની એક મહિલા અને એક પુરુષ ગુનેગારને ઝડપી લીધાં પછી આ અસલી -નકલી નોટોનું ષડયંત્ર બહાર આવ્યું. એમાં મજાની વાત એ હતી કે આ ગેંગવાળા નકલી - ફરજી કરન્સી છાપતાં જ નહોતા, માત્ર 'ધુરંધર' ફિલ્મનાં નકલી નોટ્સનાં દૃશ્યો અને મ્યુઝિકથી લોકોને આકર્ષીને લૂંટી લેતા હતા!

### અશ્લીલતાનો આ મહાસાગર ક્યાંથી છલકે છે?!

આજે માત્ર આમચી મુંબઈ કે મહારાષ્ટ્રમાં જ નહીં પણ સમસ્ત દેશમાં એક વ્યક્તિ સૌથી વધુ બદનામ થઈ રહી છે. એ છે નાસિકનો કહેવાતો તાંત્રિક - જ્યોતિષ અશોક ખેરાત. એની કહેવાતી અંદાજે ૨૦૦૦ કરોડની બે નંબરી સંપત્તિ ઉપરાંત એ વધુ બદનામ છે એની વાસનાકાંડની વાયરલ વીડિયો ક્લિપ્સને કારણે. એક અહેવાલ મુજબ એની ૩૫૦૦થી વધુ કામલીલાની ક્લિપ્સ સોશિયલ મીડિયામાં ઘૂમ ફરે છે, જેમાંથી



મોટાભાગની પોલીસે દૂર કરી છે છતાં સાયબર પોલીસ અવઢવમાં છે કે આ બધી અશ્લીલ વીડિયો જાહેરમાં આવે છે કઈ રીતે? જાણભેદુઓ કહે છે કે એ બધી એડલ્ટ સાઈટસ પર ૧૫ -૨૦ રૂપિયામાં ઓનલાઈન ધૂમ વેચાય છે પરિણામે અશ્લીલતાનો આ મહાસાગર છલકે છે!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» જીભ વિશે એક જાપાની કહેવત જેટલી જાણીતી છે એટલી જ માર્મિક છે. એ કહેવત કહે છે: '૩ ઈંચની જીભ ૬ ફૂટના પડછંદ પહેલવાનને પણ પછાડી શકે!'

આવી મારક જીભ વિશે થોડી જીભાજોડી કરીએ તો-

» માનવ-જીભની સરેરાશ લંબાઈ ૩ ઈંચ હોય છે.

» એમાં ૮ જેટલાં મસલ્સ-સ્નાયુ હોય છે.

» જીભ પર ૧૦ હજારથી વધુ ટેસ્ટ બડ અર્થાત સ્વાદકળી છે કે સ્વાદેન્દ્રિય છે, જે જાતભાતના ૮૦ થી ૧૦૦ સુધીના વિભિન્ન સ્વાદ પારખી શકે છે!

-------------------------

» આજે આ કોલમમાં આપણે ફિલ્મ 'ધુરંધર'નો ઉલ્લેખ કર્યો છે તો આ સુપર સફળ ફિલ્મની થોડીક આર્થિક આંકડાબાજી કરી લઈએ, જેમ કે-
'ધુરંધર' ફ્રેન્ચાઈઝ (એટલે કે એના બે ભાગ)ના નિર્માણ પાછળ નિર્માતા -દિગ્દર્શક આદિત્ય ધરે કુલ રૂપિયા ૨૫૫ કરોડ ખર્ચ કર્યા પછી એ ફ્રેન્ચાઈઝે બોક્સ ઓફિસ પર એવું તાંડવ મચાવ્યું કે એનું વર્લ્ડ વાઈડ કલેક્શન આજની તારીખે ૩૦૨૬ કરોડ રૂપિયાના આંક પર પહોંચી ગયું છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ફિલ્મે ૨૭૭૧ કરોડનો ચોખ્ખો નફો એના નિર્માતાને રળી આપ્યો છે!

### ઈશિતાની એલચી

**મૂર્ખાઓનું શાણપણ અને શાણાઓની મૂર્ખતાનું નામ છે પ્રેમ!!**